(૪૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. નમંસામિ **સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં** પજ્જુવાસામિ

૨. પંચિંદિયા **અભિહયા વત્તિયા લેસિયા સંઘાઈયા સંઘટ્ટિયા પરિયાવિયા** કિલામિયા

૩. પાયચ્છિત્ત કરણેણં **વિસોહિ કરણેણં વિસલ્લી કરણેણં પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં** અન્નત્થ

૪. સિદ્ધાણં **નમો આયરિયાણં નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વ સાહૂણં એસો પંચ નમોક્કારો સવ્વપાવ પ્પણાસણો મંગલાણં ચ** સવ્વેસિં

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ઓસા | **બિંદુ, ઝાકળ, ઠાર** | ૨. વિસલ્લી કરણેણં | **ત્રણ શલ્યોથી રહિત કરવા માટે** |
| ૩. અરિહંતાણં | **અરિહંત ભગવંતોને** | ૪. મોણેણં | **વચન દ્વારા મૌન રહીને** |
| ૫. છીએણં | **છીંક આવવાથી** | ૬. દેવયં | **ધર્મદેવરૂપ છો** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. સર્વ મંગલોમાં | **મંગલાણં ચ સવ્વેસિં** | ૨. સત્કાર કરું છું | **સક્કારેમિ** |
| ૩. બીજ કચર્યા હોય | **બીયક્કમણે** | ૪. સચેત માટી | **મટ્ટી** |
| ૫. ત્યાં સુધી | **તાવ** | ૬. અધોવાયુ નીકળવાથી | **વાયનિસગ્ગેણં** |
| ૭. મૂળથી નાશ કરવા માટે | **નિગ્ઘાયણટ્ઠાએ** | | |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. નમસ્કાર સૂત્રના સ્મરણથી થતા કોઈપણ બે લાભ લખો.

**જ. ૧) નમસ્કાર સૂત્રના સ્મરણથી આદેય નામ કર્મનો બંધ થાય છે, તેનાથી આપણું વચન સર્વમાન્ય બને છે. ૨) સર્વ વિઘ્નો, આપત્તિઓ, કષ્ટો દૂર થાય છે. ૩) નમ્રતા, વિનય જેવા ગુણો પ્રગટ છે. ૪) અહંકાર, સ્વચ્છંદ બુદ્ધિ આદિ દોષોનો નાશ થાય છે. ૫) આપણી ગુણગ્રાહી દષ્ટિનો વિકાસ થાય છે. ૬) અરિહંતના ધ્યાને અરિહંત બની જઈએ. જેના શરણે જઈએ તેના જેવા થઈએ. આપણે પણ આપણા કર્મોનો ક્ષય કરી પરમાત્મા બની શકીએ.**

૨. આપણી શક્તિનો વિકાસ કઈ રીતે થાય છે? વંદના કરવાથી કઈ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે?

**જ. કપાળની મધ્યમાં રહેલ આજ્ઞાચક્ર જમીનને સ્પર્શે છે. તેથી, આજ્ઞાચક્ર Active અને Balance થાય છે, જેના કારણે શક્તિનો વિકાસ થાય છે. વંદના કરવાથી ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, ઉત્તમ બળ, ઉત્તમ ઐશ્વર્ય વગેરે ઉત્તમોત્તમ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.**

૩. ચૌરેન્દ્રિય કોને કહેવાય? ઉદાહરણ સાથે લખો. મારું જીવન કેવું હોવું જોઈએ?

**જ. જે જીવોને કાયા, જીભ, નાક અને આંખ એટલે કે સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય આ ચાર ઈન્દ્રિય હોય તેને ચૌરેન્દ્રિય કહે છે. જેમ કે – માખી, મચ્છર, પતંગિયા વગેરે. કોઈને પીડા ન થાય તેવું મારું જીવન હોવું જોઈએ.**

૪. સામાયિકના ત્રીજા પાઠને આલોચના સૂત્ર શા માટે કહે છે?

**જ. ઈરિયાવહિયં સૂત્ર દ્વારા રસ્તે આવતા, જતા, ચાલતા, દૈનિક કાર્યો કરતા કરતા આપણા દ્વારા નાના–મોટા, એકેન્દ્રિયથી લઈ પંચેંદ્રિય જીવોની હિંસા થઈ હોય, દુઃખ પહોંચાડ્યું હોય તો તેની આલોચના કરી ક્ષમા માંગવાની હોય છે માટે, આ સૂત્રનું બીજું નામ આલોચના સૂત્ર છે.**

૫. કાયોત્સર્ગમાં આગારોનું સેવન કરવા છતા કાયોત્સર્ગ શા માટે ભંગ થતો નથી?

**જ. કાયોત્સર્ગમાં આગારોનું સેવન કરવા છતા કાયોત્સર્ગ ભંગ થતો નથી કારણ કે તે શરીરની સ્વયં સંચાલિત તેમ જ નૈસર્ગિક સ્વાભાવિક પ્રક્રિયાઓ છે. જેમ કે–શ્વાસ લેવો, શ્વાસ છોડવો, ઊધરસ, છીંક, બગાસું ખાવું તેમ જ શરીરનું સૂક્ષ્મ હલન–ચલન થવું વગેરે ક્રિયાઓને રોકી શકતા નથી.**

**(ઉ) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. નમસ્કાર મહામંત્ર કેવો મંત્ર છે? | **વૈશ્વિક** |
| ૨. અરિહંત ભગવાન શું જીતે છે? | **રાગ–દ્વેષને** |
| ૩. જઘન્ય વંદના કયા શબ્દોથી કરશો? | **મત્થએણ વંદામિ** |
| ૪. વટાણાને થેલીમાં ઠાંસી ઠાંસીને ભરવાથી કઈ વિરાધના? | **સંઘાઈયા** |
| ૫. મિથ્યાત્વ શલ્ય એટલે શું? | **ખોટી સમજણ** |
| ૬. કાઉસ્સગ્ગ દ્વારા શું થાય છે? | **કર્મ નિર્જરા** |
| ૭. ગુરુને આસન આપવું તે શું છે? | **સન્માન** |
| ૮. નમો શબ્દ શેનો સૂચક છે? | **વિનયસૂચક** |
| ૯. જીવને દુઃખી કરવા એ શું છે? | **હિંસા** |
| ૧૦. નિયમિત રીતે કાયોત્સર્ગ કરવાથી શું થાય છે? | **મન શાંત** |

**[૨૦]**

**પ્ર.૨ (અ) સામાન્ય સમજણના આધારે માગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૨)**

૧. તીર્થંકર – **૯ મા શ્રી સુવિધિનાથ સ્વામી અને ૧૮ મા શ્રી અરનાથ સ્વામી**

૨. ગણધર – **૪ થા વ્યક્તાજી અને ૮ મા મંડિતજી**

૩. સતી – **૬ ટ્ઠા કૌશલ્યા અને ૧૨ મા કુંતા**

૪. કર્મ – **૨ જું દર્શનાવરણીય અને ૭ મું ગોત્ર**

૫. કાય (ગોત્ર) – **૪ થું વાઉકાય**

૬. દ્રવ્ય – **૫ મું પુદ્ગલાસ્તિકાય**

૭. જીવદયાના પ્રતીક સમા ઉપકરણો – **ગુચ્છો, રજોહરણ અને મુહપત્તિ**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. ૨૪ ભગવાનનું નામ સ્મરણ કરવાથી કેટલા કર્મોનો ક્ષય થાય છે? શેની શુદ્ધિ થાય છે?

**જ. અનંતા, દર્શન.**

૨. પરમાત્માના ઉપદેશની સૂત્રરૂપે ગૂંથણી કોણ કરે છે? તેમને કેટલા અંગ સૂત્રનું જ્ઞાન હોય છે?

**જ. ગણધર, ૧૪ પૂર્વ સહિત બાર અંગ.**

૩. ભૌતિક સુખ અને દુઃખનો અનુભવ કયું કર્મ કરાવે છે? જીવ કોને વિસરી જાય છે?

**જ. વેદનીય કર્મ, સ્વને.**

૪. સંપૂર્ણ ૧૪ રાજલોકમાં કોનું અસ્તિત્વ છે? તે કેટલા છે?

**જ. દ્રવ્ય, છ.**

૫. કયા ઉપકરણ દ્વારા આપણને સ્વાધ્યાય–તપનો લાભ મળે છે? તે શેની બનેલી છે?

**જ. માળા, લાકડા, રૂદ્રાક્ષ**

૬. પુસ્તકને રાખવાના સાધનને શું કહેવાય? શ્વેત રંગ શેનું પ્રતીક છે?

**જ. ઠવણી, શાંતિ.**

૭. જે જીવ અને પુદ્ગલને જગ્યા આપે તે કયું દ્રવ્ય? કોના નામ સ્મરણથી સદાચારની પ્રેરણા મળે છે?

**જ. આકાશાસ્તિકાય, ૧૬ સતી.**

૮. સત્યમાર્ગની સમજણ આપણને કોણ આપે છે? આપણા પ્રશ્નોનું સમાધાન શેમાં મળે છે?

**જ. ૨૪ તીર્થંકર પ્રભુ, ધાર્મિક પુસ્તકો, આગમોમાં.**

**(૧૫)**

**પ્ર.૩ (અ) સંસ્કારના વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જય-જિનેન્દ્ર બોલવાથી શું લાભ થાય છે? બે મુદ્દા લખો.

**જ. જૈન પાઠાવલી શ્રેણી – ૧ પાના નં. ૩૮**

૨. શ્રેષ્ઠ વિનય કોને કહેવાય? વિનયનું મહત્ત્વ શા માટે વિશેષ છે?

**જ. દેવાધિદેવ-તીર્થંકર પરમાત્મા અને ગુરુની આજ્ઞાનું પાલન કરવું અને તેઓની સાથે એકદમ નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો તે શ્રેષ્ઠ વિનય છે. આભ્યંતર તપમાં વિનય તપનું સ્થાન છે માટે વિનયનું મહત્ત્વ વિશેષ છે.**

૩. કાચું પાણી શા માટે ન પીવું જોઈએ? ફળ કેવી રીતે ખાવા જોઈએ?

**જ. કાચા પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો છે અને તે મલ્ટીપ્લાય થયા કરે છે માટે કાચું પાણી ન પીવું જોઈએ. ફળ સચેત હોય છે તેથી ફળને સુધારીને તેમાંથી બીજ કાઢીને પછી ફળ ખાવા જોઈએ.**

૪. આપણા પર સિદ્ધ ભગવંતોનો મહાઉપકાર કઈ રીતે છે?

**જ. ઓછામાં ઓછા દર છ મહિને એ૧ આત્મા અવશ્ય સિદ્ધ ગતિને પામે છે ત્યારે ૧ જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળે છે અને સ્વતંત્ર શરીર પામીને તેનાથી સાધના-આરાધના કરી શકે છે માટે.**

૫. ધર્મના અને ગુરુના ઉપકારથી મુક્ત બનવા શું કરશો?

**જ. ધર્મના ઉપકારથી મુક્ત થવા અન્યને ધર્મની પ્રેરણા આપીને, ધર્મભાવ જગાડી શાસન પ્રભાવના કરવી. ગુરુના ઉપકારથી મુક્ત થવા ગુરુનો ભાર હળવો કરવો, ગુરુની સાધનામાં સહયોગી બનવું.**

**(આ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. પ્રેમચંદ-જયચંદના માતુશ્રીનું નામ રાજબાઈ હતું.

**જ. ખોટું. પ્રેમચંદ-રાજચંદના માતુશ્રીનું નામ રાજબાઈ હતું.**

૨. ધર્મ એ ઉત્કૃષ્ટ શ્રેષ્ઠ મંગળ છે.

**જ. સાચું.**

૩. ઉપકારીના ઉપકાર માનવાથી આત્માની અધોગતિ થાય છે.

**જ. ખોટું. ઉપકારીના ઉપકાર માનવાથી આત્માની પ્રગતિ થાય છે.**

૪. ફણગાવેલા કઠોળમાં અસંખ્યાતા જીવ ઉત્પન્ન થાય છે.

**જ. ખોટું. ફણગાવેલા કઠોળમાં અનંતા જીવ ઉત્પન્ન થાય છે.**

૫. જય-જિનેન્દ્ર કહેવાથી આ ભવમાં જૈનધર્મની પ્રાપ્તિ થાય તેવું ભદ્ર કર્મ બંધાય છે.

**જ. ખોટું. જય-જિનેન્દ્ર કહેવાથી આવતા ભવમાં જૈનધર્મની પ્રાપ્તિ થાય તેવું ભદ્ર પુણ્ય કર્મ બંધાય છે.**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.**

૧. પરમાત્મા ક્યાં દેશના આપે? પ્રભુના જ્ઞાનના સાગર સામે વિજ્ઞાન શું છે?

**જ. સમવસરણ, એક બિંદુ સમાન.**

૨. શબ્દ શું છે? તે ક્યાં સુધી ફેલાય છે?

**જ. પુદ્ગલ, ૧૪ રાજલોકમાં.**

૩. ધર્મનું Heart શું છે? ધર્મ કોનો વિચાર કરે છે?

**જ. મૈત્રીભાવ, સર્વના સુખનો.**

૪. જૈનધર્મના પાયાના સિદ્ધાંતો શું છે?

**જ. અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ.**

૫. વનસ્પતિમાં જીવ છે એવું કયા વૈજ્ઞાનિકે શોધી કાઢ્યું? સૂર્યાસ્ત પછી ભોજન કરવાથી શું થાય?

**જ. જગદીશચંદ્ર બોઝ, ઘણા જીવોની વિરાધના.**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નયસારના જીવનમાંથી શું બોધ પ્રાપ્ત થાય છે? નિયમ લેવાથી શું થાય?

**જ. નિયમનું મહત્ત્વ સમજશું. છ નિયમોને જીવનમાં ગ્રહણ કરશું અને દઢતાથી તેનું પાલન કરશું. નિયમ લેવાથી મનોવૈજ્ઞાનિક રીતે આપણી મનઃશક્તિનો વિકાસ થાય છે. મનને કંટ્રોલ કરવાની શક્તિનો વિકાસ થાય છે.**

૨. મેઘરથ રાજાએ કોની પાસે દીક્ષા લીધી? સંયમનું પાલન કેટલા વર્ષ કર્યું? કયું કર્મ બાંધ્યું? ક્યાં ઉત્પન્ન થયા?

**જ. પિતા તીર્થંકર ધનરથજી પાસે, લાંબા સમય સુધી, તીર્થંકર નામ કર્મ, સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપે.**

૩. પાર્શ્વકુમારે કોને નમસ્કાર સૂત્ર સંભળાવ્યો?તેઓ મૃત્યુ પામી ક્યાં ઉત્પન્ન થયા?

**જ. નાગ, નાગણીને, નાગકુમાર દેવોના ઈન્દ્ર ધરણેન્દ્ર અને ઈંદ્રાણી પદ્માવતી.**

૪. આદ્રકુમારનો જન્મ ક્યાં થયો હતો? તેમના મિત્રનું નામ શું? મિત્રના પિતાનું નામ શું? તેમના મિત્રનો કયો ગુણ આજે પણ પ્રસિદ્ધ છે?

**જ. અનાર્ય દેશમાં, અભયકુમાર, શ્રેણિક રાજા, બુદ્ધિમતાનો ગુણ.**

૫. કમઠ કોણ હતો? તે કેવો દેખાતો હતો? શું કરતો હતો?

**જ. કમઠ મિથ્યાધર્મી સંન્યાસી હતો. તેના માથે જટા ધારેલી હતી અને અંગે રાખ ચોળેલી હતી. ચારે બાજુ સળગતી ધૂણીઓ વચ્ચે માત્ર એક લંગોટ પહેરીને તે બેઠો હતો. તે પંચાગ્નિ તપ કરતો હતો અને અગ્નિની આતાપના લેતો હતો.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. પચ્ચીસ ........ જ્ઞાનદેવ છો. | **પાના નં. ૭૦ ચોથો ફકરો.** |
| ૨. અહિંસા ......... સારો. | **પાના નં. ૭૧ ત્રીજો ફકરો** |
| ૩. ક્ષમા ગુણથી ......... ધૂળ છે. | **પાના નં. ૭૨ ત્રીજો ફકરો** |
| ૪. મોહ કદિ ......... બંધાય ના. | **પાના નં. ૭૫ બીજો–ત્રીજો ફકરો** |

**જય – જિનેન્દ્ર**